# -: ઈમાન અને ઈસ્લામ :-

રિસાલતમઆબ રસૂલુલ્લાહ (સ.અ.વ.વ.) થી રિવાયત છે કે, આપે ફરમાવું કે **"ઇન્નમલ આઅમાલો બિન્નિય્યાત"** બિલાશક આઅમાલનો દારોમદાર નિય્યત પર છે. હર શખ્સને તે જ ચીઝ હાસિલ થાશે, જેની એ નિય્યત કરશે. જે શખ્સનો ઈરાદો અલ્લાહ અને અલ્લાહના રસૂલ તરફ હશે, તો બેશક તેનો ઈરાદો એ મુજબ જ માનવામાં આવશે અને જેની નિય્યત કોઈ ઔરત સાથે શાદી કરવાની હશે યા દુનિયા હાસિલ કરવાની હશે, તો તેની નિય્યત મુજબ તેને હાસીલ થાશે. ઈમાન છે અલ્લાહની શહાદત આપવું કે, **"લા ઇલાહા ઇલ્લલ્લાહ"**, નથી કોઈ માઅબૂદ મગર અલ્લાહતઆલા છે. તે એક છે, તેનો કોઈ શરીક નથી. અને આ શહાદત આપવું કે, મોહંમદ અલ્લાહના બંદા અને તેના રસૂલ છે, અને શહાદત આપવી કે જન્નત સાચી (હક્ક) છે, જહન્નમ સાચી છે, બઅસ સાચું છે અને કયામત આવનારી છે, એમાં કોઈ શક નથી અને એ કે જે લોગો કબરોંમાં છે તેઓને અલ્લાહતઆલા કયામતના દિન દોબારા ઉઠાવશે. અલ્લાહના તમામ અંબિયા અને રસૂલને સાચા માનવા, ઈલાહી કિતાબો પર યકીન રાખવું, રસૂલોની પાક નસલના ઈમામોની તસ્દીક કરવી, ઈમામુઝઝમાન યા તેમના નાઈબની માઅરેફત રાખવી અને તેમના હુકુમને તસ્લીમ કરવો, જિન્નાત અને ફરિશ્તા પર યકીન રાખવું, અલ્લાહના એ તમામ ફરાઈઝ મુતાબિક અમલ કરવું, જેને અલ્લાહએ બંદાઓ પર ફરઝ કીધું છે, અને જે ચીઝને અલ્લાહએ હરામ કીધી છે અને મના કીધી છે, તેનાથી દૂર રેહવું. ઈમામ યા તેમના નાઈબની તાઅત તેમજ ફરમાંબરદારી કરવી, એ જે ચીઝનો હુકુમ કરે યા કહે તેને કુબૂલ કરવું. આ તે ઈમાનની સિફત છે જેને બગૈર અલ્લાહતઆલા બંદાના કોઈ અમલ કુબૂલ નહિં કરે, આ ઈમાન તમામ આઅમાલમાં આઅલા, અશરફ અને બલંદતરીન છે. ઈસલામની બુનિયાદ સાત સિતૂન (થાંભલા) પર છે. પહેલું વલાયત (ઝમાનાના ઈમામની યા તેમની જગા દાઈની દિલમાં મોહબ્બત અને ઈખલાસ) છે અને તે તમામ થાંભલાઓમાં અફઝલ અને અહમ છે. વલાયત અને તેના સાહબની માઅરેફતથી જ બીજા સિતૂનની માઅરેફત હાસિલ થઈ શકે છે. પછી છે તહારત (રૂહાની અને જિસ્માની પાકી), સલાત (નમાઝ), સૌમ (રોઝું), હજ્જ, જેહાદ અને ઝકાત. આ છે ઈસલામના સાત સિતૂન, તેમાં સૌથી અવ્વલ ઈમાન છે જે વલાયત સાથે જોડાયેલું છે. કોઈ પણ શરીઅતના અમલ ઈમાન બગૈર મકબૂલ નથી. અલ્લાહના નઝદીક ઈમાનવાલા (મુમેનીન) સિવાય કોઈ પણ બંદો મુકર્રબ અને મેહબૂબ નથી.

ઈમામ જાઅફર અસ-સાદિક (અ.સ.) એ ફરમાવું કે **"અલ-ઇમાનો કૌલુન બિલ્લિસાન વ તસદીકુન બિલજેનાન વ અમલુન બિલ અરકાન"**, યાઅની ઈમાન છે ઝબાન થી કહેવું, દિલથી સાચું માનવું અને આઅઝાથી અમલ કરવું". **કૌલ, તસ્દીક અને અમલ ઈમાનના ત્રણ હિસ્સા છે.** આ સિવાય જે પણ બીજા લોગો કહે છે યા માને છે, તે તમામ ગલત છે, ગુમરાહી છે.

ઈમાનના અલગ-અલગ હાલાત અને દરજાત છે. તે ઈમાન જે બિલકુલ કામિલ અને પૂરેપૂરૂં છે, તે એ છે કે મુમિન તેના જિસ્મના તમામ હિસ્સા જેમકે દિલ, આઁખ, કાન, ઝબાન, હાથ, પગ, માથું યા શરમગાહથી તે મુજબ જ અમલ કરે જે મુજબ અલ્લાહએ તે હિસ્સા (આઅઝા) પર અમલ કરવું ફરઝ કીધું છે અને તે અમલથી રોકે જેને અલ્લાહએ મના કીધું છે, આ તરહનો મુમિન બિલાશક જન્નતી છે. અગર કોઈ આ ફરઝોમાં ખયાનત કરે યા તઅદ્દી કરે (ઓછું - વધારે કરે) તો તે શખ્સ નાકેસુલ ઈમાન (ઈમાનમાં અધુરો યા કુસૂર કરનાર) છે, તે જહન્નમી છે. **ઇમાનની કમાલીયત (પુખ્તગી) સાથે વધારે ઇખ્લાસ રાખનારો શખ્સ બીજા ઇમાનદારો કરતા અલ્લાહ ને નઝદીક આઅલા દરજો હાસિલ કરે છે.** ઈમાન ના બગૈર યા તેમાં નુકસાન (કુસૂર) સાથે અલ્લાહથી કુરબતની ઉમ્મીદ રાખવી બેકાર છે. અગર કોઈ ઈમાનની શરતોની પાબંદી બગૈર કહે, કરે યા અકીદત રાખે તો તેના આઅમાલ બેફાયદા અને ઝાયેઅ છે.

ઈમાન અને ઈસ્લામમમાં ફરક છે. કિતાબુલ્લાહ યાઅની કુરઆનથી આ વાઝેહ (ચોખ્ખું) છે કે ઈમાન અને ઈસ્લામના અલગ-અલગ મફહૂમ છે, એક જેવા નથી. ઈમાનદાર મુસલમાન હોય જ છે, મગર હર મુસલમાન ઈમાનદાર હોતો નથી. ઈમાન ઈસ્લામનું શરીક છે, મગર ઈસ્લામ ઈમાનનું શરીક નથી. ઈસ્લામ ઝાહિર છે અને ઈમાન બાતિન છે. ◎ અંદરનો દાએરો (સર્કલ) ઈમાનનો છે અને બાહરનો દાએરો ઈસ્લામનો છે. ઈસ્લામ ફક્ત ઈકરાર કરવું છે અને ઈમાન ઈકરાર સાથે તેની દિલથી માઅરેફત કરવું છે. અલ્લાહ, તેના રસૂલ અને ઝમાનાના ઈમામની માઅરેફત રાખનાર શખ્સ જ ઈમાનદારોના ઝુમ્રામાં શરીક કહેવાય. ★